ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/હિસાબ/પોલીસી/૨૭
જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૧૫-૦૩-૨૦૧૬.
૧૭

// પરિપત્ર //

વિષય :– પ્લોટની ફાળવણીની નીતિમાં ડાઉન પેમેન્ટની રકમ ભરવા બાબતે આંશિક સુધારો કરવા બાબત..

સંદર્ભ :– (૧)પરિપત્ર ક્રમાંક :જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)૦૭ તા.૩૧-૦૫-૨૦૦૮

(૨)પરિપત્ર ક્રમાંક :જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/ પોલીસી/૧(૮)૦૭/૦૪ તા.૦૫-૦૧-૨૦૦૯

(૩) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી / એએલટી / પીઓએલ /૫ (iii)/૩૪ તા.૨૪-૧૦-૨૦૧૧.

(૪) ક્રમાંક : જીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર / વિતરણ/ પોલીસી / ૧૯ તા.૧૦-૦૨-૨૦૧૬.

નિગમ ધ્વારા પ્લોટની ફાળવણીની નીતિમાં ડાઉન પેમેન્ટની રકમ ભરવા બાબતેની નીતિ ઉપરોક્ત સંદર્ભદર્શિત પરિપત્રોથી વખતોવખત જારી કરવામાં આવેલ છે. તા.૧૯-૨-૨૦૧૬ના રોજ મળેલ નિગમની ૪૮૭ મી સભામાં પસાર થયેલ ઠરાવ ક્રમાંક : ૩૧ / હિસાબ / નાણાં-વસુ / ૪૮૭ / ૨૦૧૬ તા.૧૯-૦૨-૨૦૧૬ મુજબ નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

હવે પછી ૫૦,૦૦૦ ચો.મી.અથવા તેનાથી ઓછા વિસ્તારના પ્લોટોની ફાળવણીના કિસ્સામાં નીચે મુજબ નકકી કરવામાં આવ્યું.

૧) ફાળવણી સમયે ૩૦% ડાઉન પેમેન્ટ
૨) બાકીની ૭૦% મુડી પર પ્રથમ બે વર્ષમાં ફકત પ્રવર્તમાન દરે વ્યાજના ૮ ત્રિમાસિક હપ્તા અને ત્યારબાદ મુડીના ૩૨ સરખા હપ્તા પ્રવર્તમાન દરે વ્યાજ સહીત ૩૨ ત્રિમાસિક હપ્તામાં વસુલ કરવી.

તેમજ ૫૦,૦૦૦ થી વધુ વિસ્તાર ધરાવતા પ્લોટોની ફાળવણીમાં નિગમની પ્રવર્તમાન નીતિ યથાવત રાખવામાં આવે છે.

MODE OF PAY.

ઉપરોક્ત હપ્તાની સ્કીમ સિવાય પ્લોટોના વિતરણની પ્રવર્તમાન તમામ નીતિઓ યથાવત રાખવામાં આવે છે.

મહીલા પાર્કના ફાળવણીદારો માટે અગાઉ પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર / વિતરણ/ પોલીસી / ૧૯ તા.૧૦–૦૨–૨૦૧૬ થી નક્કી થયેલ ૩૨ હપ્તાની નીતિના બદલે ઉપરોક્ત નીતિ લાગુ પાડવાની રહેશે.

વધુમાં સુક્ષ્મ અને નાના ઉદ્યોગકારોનું સર્ટીફિકેટ ધરાવતાં ફાળવણીદારોને ૪૦૦૦ ચો.મી. ક્ષેત્રફળ સુધીના વિસ્તાર ધરાવતા પ્લોટોની ફાળવણીમાં નિગમના પ્રવર્તમાન વ્યાજના દર માં ૨% રાહત આપવાનુ નક્કી કરવામાં આવે છે.

સહી/–
( મનોજ અગ્રવાલ )
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી, ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ..

<u>નકલ સવિનય રવાના ::–</u>

૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ....
૨) નિગમની તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ.....
૩) મેનેજરશ્રી(એસ એન્ડ એ) જીઆઈડીસી,ગાંધીનગર તરફ.. નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું.

મેનેજર(સહેકમ)
જીઆઈડીસી,ગાંધીનગર.

MODE OF PAY.